**GOVERNMENT OF GUJARAT**

LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT

Gujarat Act No.6 of 1960

# THE GUJARAT MINISTERS' SALARIES AND ALLOWANCES ACT,1960.

(As modified upto the 31st July, 2008)

**ગુજરાત સરકાર**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સન ૧૯૬૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૬.

**ગુજરાત મંત્રીઓના પગાર અને ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦**

(સન ૨૦૦૮ના જલાઇ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે)

સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

(કિંમત રૂ.        પૈસા)

**GOVERNMENT OF GUJARAT**

LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT

Gujarat Act No.6 of 1960

# THE GUJARAT MINISTERS' SALARIES AND ALLOWANCES ACT,1960.

(As modified upto the 31st July, 2008)

**ગુજરાત સરકાર**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સન ૧૯૬૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક.૬

**ગુજરાત મંત્રીઓના પગાર અને ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦**

(સન ૨૦૦૮ના જલાઇ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે)

સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

(કિંમત રૂ.        પૈસા)

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

## ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦.

### અનુક્રમણિકા


પ્રસ્તાવના

| કલમો | વિષય | પાનાનં. |
| --- | --- | --- |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ. | ૧ |
| ૨. | વ્યાખ્યા. | ૧ |
| ૩. | મંત્રીઓના અને રાજયકક્ષાના મંત્રીઓના પગાર. | ૨ |
| ૩ ક. | મંત્રીઓને એકત્રિત ભથ્થું. | ૨ |
| ૩ખ. | મંત્રીઓને ચૂકવવાનું મોંઘવારી ભથ્થું. | ૨ |
| ૪. | મંત્રીઓને નિવાસસ્થાનની સવલત આપવા બાબત. | ૩ |
| ૫. | મંત્રીઓને વાહનની સવલત. | ૩ |
| ૬. | નાયબ મંત્રીઓના પગાર. | ૩ |
| ૬ ક. | નાયબ મંત્રીઓને એકત્રિત ભથ્થું . | ૩ |
| ૬ ખ. | નાયબ મંત્રીઓને ચૂકવવાનું મોંઘવારી ભથ્થું . | ૪ |
| ૭. | નાયબ મંત્રીઓને નિવાસસ્થાનની સવલત આપવા બાબત. | ૪ |
| ૮. | નાયબ મંત્રીઓને વાહનની સવલત. | ૪ |
| ૯. | મુખ્યમથક સિવાયના સ્થળે મુસાફરી ભથ્થા અને દૈનિક ભથ્થાં અને નિવાસસ્થાનની સવલત. | ૫ |
| ૯ ક. | મંત્રીઓ તરીકે હોદ્દો ધારણ કરે અને મંત્રી તરીકે હોદ્દો બંધ થયે મુસાફરી ભથ્થાં બાબત. | ૫ |
| ૯ કક. | વિના મૂલ્યે રેલવે મુસાફરી કરવા બાબત. | ૫ |
| ૯ કખ. | વિના મૂલ્યે હવાઇ માર્ગે મુસાફરી કરવા બાબત. | ૬ |
| ૯ ખ. | મંત્રીઓને ટેલોફોનની સવલત. | ૬ |
| ૧૦. | તબીબી શુશ્રૂષા. | ૬ |
| ૧૧. | મુખ્યમંત્રીને આતિથ્ય ભથ્થું . | ૬ |
| ૧૨. | મંત્રીઓ અને નાયબ મંત્રીઓ, રાજય વિધાનમંડળના સભ્યોને મળવાપાત્ર પગાર અને ભથ્થાં માટે હકદાર રહેશે નહિ. | ૭ |
| ૧૩. | રાજયકક્ષાના મંત્રી અને નાયબ મંત્રી હોદ્દાની રૂએ ગુજરાત વિધાનસભાના સભ્ય માટે ગેરલાયક ન ઠરવા બાબત. | ૭ |
| ૧૪. | રાજય સરકારની નિયમો અને હુકમો કરવાની સત્તા. | ૭ |
| ૧૫. | સન ૧૯૬૦નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૬ઠ્ઠો રદ કરવા બાબત. | ૭ |

## <u>સન ૧૯૬૦ નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬</u>[૧]

## <u>ગુજરાત મંત્રીઓના પગાર અને ભથ્થા અધિનિયમ, ૧૯૬૦</u>

{રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૬૦ના સપ્ટેમ્બર, મહિનાની ૨૨મી તારીખે "ગુજરાત રાજપત્રમાં" પ્રથમ પ્રસિધ્ધ કરેલો .}

**(૨૨મી સપ્ટેમ્બર , ૧૯૬૦)**

સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૩થી સુધારેલો.
સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૦થી સુધારેલો.
સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૨૧થી સુધારેલો.
સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ૧૯થી સુધારેલો.
સન ૧૯૮૨ના ગુજરાત અધિનિયમ ૧૮થી સુધારેલો.
સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૯થી સુધારેલો.
સન ૧૯૮૮ના ગુજરાત અધિનિયમ ૧૨થી સુધારેલો.
સન ૧૯૯૨ના ગુજરાત અધિનિયમ ૬થી સુધારેલો.
સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ૨૦થી સુધારેલો.
સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩થી સુધારેલો.

**ગુજરાત સરકારના મંત્રીઓના પગાર તથા ભથ્થા અને બીજી અમુક બાબતો માટે જોગવાઇ કરવા બાબતનો અધિનિયમ.**

ગુજરાત સરકારના મંત્રીઓના પગાર તથા ભથ્થા નકકી કરવા માટે અને આમાં હવે પછી જણાવેલી બીજી બાબતો માટે જોગવાઇ કરવાનું ઇષ્ટ છે; આથી ભારતના ગણરાજયના અગિયારમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમિત કરવામાં આવે છે;

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**
(૨) તે સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખ અમલમાં આવ્યો છે એમ ગણાશે.

**૨.** આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તોઃ- **વ્યાખ્યા.**
(ક) નિવાસસ્થાનના સંબંધમાં "નિભાવ" માં, સરકારના અથવા કોઈપણ સ્થાનિક

---
[૧] ઉદ્દેશો અને કારણો માટે જઓ ગુજરાત અસાધારણ રાજપત્ર, ભાગ-૫, પાના નં.૨૪, તારીખ ૨૫મી જલાઇ, ૧૯૬૦.

સત્તામંડળના લેણા વેરા અને કર ભરવાનો તથા વીજળી, ગૅસ અને પાણીની જોગવાઇનો સમાવેશ થાય છે.

(ખ) "મંત્રી" અને "નાયબ મંત્રી" એટલે અનુક્રમે ગુજરાત સરકારના મંત્રી અને નાયબ મંત્રી, અને

[1][ "મંત્રી" માં-

(૧) મુખ્ય મંત્રીનો,

(૨) નાયબ મુખ્ય મંત્રીનો, અને

(૩) રાજયકક્ષાના મંત્રીનો સમાવેશ થાય છે.]

(ગ) "નિવાસસ્થાન"માં સ્ટાફના કવાર્ટરો અને તેને સંલગ્ન બીજા મકાનો અને તેના બગીચાઓનો સમાવેશ થાય છે.

(ઘ) "નિયમો" અને "હુકમો" એટલે આ અધિનિયમ હેઠળ અનુક્રમે કરેલા નિયમો અથવા હુકમો.

મંત્રીઓના અને રાજય કક્ષાના મંત્રીઓના પગાર .

**૩.** દરેક મંત્રીને દર મહિને[2][ રૂ.૧૦,૦૦૦] નો પગાર [3][અને દરેક રાજય કક્ષાના મંત્રીને દર મહિને ૨[ રૂ.૧૦,૦૦૦]નો પગાર] મળશેઃ

[4][ પરંતુ ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ(૧)ની જોગવાઇઓની રૂએ વિધાનસભાના સભ્યોનો પગાર વધે, ત્યારે મંત્રીઓને ચૂકવવાનો પગાર વિધાનસભાના સભ્યના પગારના વધારાના પ્રમાણમાં વધારવામાં આવશે.] સન ૧૯૬૦નો ૨જો.

મંત્રીઓને એકત્રિત ભથ્થું.

[5][**૩ ક.** દરેક મંત્રીને તેમના હોદ્દાની મુદત દરમ્યાન આ અધિનિયમની જોગવાઇઓની રૂએ અથવા તે હેઠળ જેના માટે ખાસ રીતે જોગવાઇ કરી ન હોય તેવી તમામ બાબતો માટે એકત્રિત ભથ્થા તરીકે માસિક [6][રૂ.૭,૦૦૦]ની રકમ આપવામાં આવશે. ]

મંત્રીઓને ચૂકવવાનું મોંઘવારી ભથ્થું.

[7][**૩ ખ.** દરેક મંત્રીને તેમના હોદાની સમગ્ર મુદત દરમિયાન, અનુક્રમે કલમો ૩, ૩-ક અને કલમ-પ ની પેટા-કલમ(૨)માં ઉલ્લેખેલ પગાર, એકત્રિત ભથ્થાં અને વાહન ભથ્થાની એકંદર રકમ ઉપર રાજય સરકારના કર્મચારીઓને લાગુ પડતા મોંઘવારી ભથ્થાના દરે મહિના દીઠ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે.

---

[1] . સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૨થી, અધિનિયમમાં "મંત્રી"માં "મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. " એ શબ્દોને બદલે આ ભાગ મુકવામાં આવેલ છે.

[2] . સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક-૩(૧)(૧)થી " ૪૫૦૦"એ આંકડાને બદલે "૧૦,૦૦૦"એ આંકડા મુકવામાં આવેલ છે.

[3] . સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૩(૧)થી આ શબ્દો, મૂળાક્ષરો અને આંકડા ઉમેરેલ છે.

[4]. એજનની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૧)(૨)થી પરંતુક ઉમેરેલ છે.

[5]. સન ૧૯૯૨ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩ થી નવી કલમ ૩ ક દાખલ કરેલ છે.

[6]. સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૨)થી "૩૫૦૦" એ આંકડાને બદલે "૭૦૦૦ " એ આંકડા મુકવામાં આવેલ છે.

[7] .સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩નો કલમ ૨નો અનુસૂચિના અનુક્રમાંક ૩(૩)થી નવી કલમ ૩-ખ દાખલ કરેલ છે.

**સ્પષ્ટીકરણઃ-** આ કલમના હેતુ માટે, "મોંઘવારી ભથ્થું" એટલે સન ૨૦૦૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પછી, રાજય સરકારે, વખતો વખત જાહેર કરવાનું મોંઘવારી ભથ્થું, પણ તેમાં સદરહુ તારીખ પહેલાં જાહેર કરેલા મોંઘવારી ભથ્થાંનો સમાવેશ થશે નહિ. ]

**૪.** (૧) દરેક મંત્રી પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યારપછી તરતના પંદર દિવસની મુદત સુધી ભાડું ભર્યા વગર [૧][ગાંધીનગરમાં] રાચરચીલાવાળું નિવાસસ્થાન વાપરવાને અથવા તેવા નિવાસસ્થાનને બદલે દર મહિને રૂ.૨૫૦ના દરે ઘરભથ્થું મળવવાને હકદાર રહેશે. મંત્રીઓને નિવાસસ્થાન ની સવલત આપવા બાબત.

(૨) આ કલમ હેઠળ જોગવાઇ કરેલા કોઇપણ નિવાસસ્થાનના નિભાવના સબંધમાં મંત્રી ઉપર અંગત રીતે કોઇ પણ બોજો રહેશે નહિં.

(૩) આ કલમ હેઠળ જોગવાઇ કરેલા નિવાસસ્થાનને રાચરચીલાથી સજાવવાનું ખર્ચ, નિયમો અથવા હુકમો દ્વારા નકકી કરવામાં આવે તેટલા પ્રમાણમાં રહેશે.

**૫.**(૧) રાજય સરકાર, વખતોવખત મંત્રીઓના ઉપયોગ માટે મોટરકારો તથા બીજા યોગ્ય વાહનો ખરીદી શકશે અને નિયમો અથવા હુકમોથી નકકી કરવામાં આવે તેવી તેના નિભાવ અને મરામતને લગતી શરતોએ પૂરા પાડી શકશે. મંત્રીઓને વાહનની સવલત.

[૨][(૧-ક) પેટા કલમ (૧) હેઠળ, રાજય સરકારે મંત્રીઓના ઉપયોગ માટે મોટરકાર અથવા બીજા વાહનો પૂરા પાડયા હોય ત્યારે સરકાર, એવી દરેક કાર અથવા વાહન માટે ડ્રાઇવરની સેવા પણ વિના મૂલ્યે તેમને પૂરી પાડશે. ]

(૨) દરેક મંત્રીને દર મહિને [૩] [ રૂ.૪૦૦૦] ના દરે વાહનભથ્થું પણ આપવામાં આવશે.

**૬.** દરેક નાયબ મંત્રીને [૪][ રૂ.૧૦,૦૦૦ ] નો પગાર આપવામાં આવશેઃ નાયબ મંત્રીઓના પગાર.

સન ૧૯૬૦નો ૨૭જો. [૫][ પરંતુ ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ(૧)ની જોગવાઇઓની રૂએ સભ્યોનો પગાર વધે ત્યારે, નાયબ મંત્રીને ચૂકવવાનો પગાર વિધાનસભાના સભ્યના પગારના વધારાના પ્રમાણમાં વધારવામાં આવશે.]

[૬][ **૬-ક.** દરેક નાયબ મંત્રીને તેમના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન આ અધિનિયમની જોગવાઇઓની રૂએ અથવા તે હેઠળ જેના માટે ખાસ રીતે જોગવાઇ કરી ન હોય તેવી તમામ બાબતો માટે એકત્રિત ભથ્થાં તરીકે માસિક [૭][ રૂા.૭,૦૦૦ ]ની રકમ આપવામાં આવશે.] નાયબ મંત્રીઓને એકત્રિત ભથ્થું.

---

૧. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨થી " અમદાવાદમાં " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૩(૧)થી પેટા-કલમ (૧-ક) દાખલ કરેલ છે.

૩. સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨નો અનુસૂચિના અનુક્રમાંક ૩(૪)થી "૩૦૦૦" એ આંકડાને બદલે, "૪૦૦૦" એ આંકડા મૂકયા છે.

૪. એજનની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક-૩(૫)(૧)થી " ૪૫૦૦ " એ આંકડાને બદલે "૧૦,૦૦૦ " એ આંકડા મૂકયા છે.

૫. એજનની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૫)(૨)થી આ પરંતુક ઉમેરેલ છે.

૬. સન ૧૯૯૨ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક -૩થી કલમ-૬-ક ઉમેરેલ છે.

૭ સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨ હેઠળની અનુસૂચિના અનુક્રમાંક ૩(૬)થી "૩૫૦૦ " એ આંકડાને બદલે, "૭૦૦૦ " એ આંકડા મૂકવામાં આવેલ છે.

નાયબ મંત્રીઓને ચૂકવવાનું મોંઘવારી ભથ્થું.

[1][ **૬-ખ.** નાયબ મંત્રીન તેમના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન, અનુક્રમે કલમો ૬, ૬-ક અને કલમ ૮ની પેટા કલમ(૨)માં ઉલ્લેખેલ પગાર, એકત્રિત ભથ્થાં અને વાહન ભથ્થાની એકંદર રકમ ઉપર રાજ્ય સરકારના કર્મચારીઓને લાગુ પડતા મોંઘવારી ભથ્થાના દરે મહિના દીઠ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે.

**સ્પષ્ટીકરણ:** આ કલમના હેતુ માટે, "મોંઘવારી ભથ્થ્" એટલે સન ૨૦૦૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પછી, રાજ્ય સરકાર દ્વારા, વખતોવખત વધારવામાં આવે તેટલું મોંઘવારી ભથ્થું, પણ તેમાં સદરહુ તારીખ પહેલાં જાહેર કરેલ મોંઘવારી ભથ્થાનો સમાવેશ થશે નહિ.]

નાયબ મંત્રીઓને નિવાસસ્થાનની સવલત આપવા બાબત.

**૭.**(૧) દરેક નાયબ મંત્રી, પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યાર પછી તરતની પંદર દિવસની મુદત સુધી [2][ગાંધીનગરમા] ભાડું ભર્યા વગર રાચરચીલાવાળું નિવાસસ્થાન વાપરવાને અથવા તેના નિવાસ સ્થાનને બદલે દર મહિને રૂ.૧૫૦ના દરે ઘરભથ્થું મેળવવાનો હકદાર રહેશે.

(૨) આ કલમ હેઠળ જોગવાઇ કરેલા કોઇપણ નિવાસસ્થાનના નિભાવના સંબંધમાં નાયબ મંત્રી ઉપર અંગત રીતે કોઇપણ બોજો રહેશે નહિં.

(૩) આ કલમ હેઠળ જોગવાઇ કરેલા કોઇપણ નિવાસસ્થાનને રાચરચીલાથી સજાવવાનું ખર્ચ, નિયમો અથવા હુકમો દ્વારા નકકી કરવામાં આવે તેટલા પ્રમાણમાં રહેશે.

નાયબ મંત્રીઓને વાહનની સવલત.

૮. (૧) રાજ્ય સરકાર વખતોવખત મોટરકારો અને બીજા યોગ્ય વાહનો ખરીદી શકશે અને નાયબ મંત્રીઓના ઉપયોગ માટે નિયમો અથવા હુકમોથી નકકી કરવામાં આવે તેવી તેના નિભાવ અને મરામતને લગતી શરતોએ પૂરા પાડી શકશે.

[3][(૧ક) પેટા-કલમ(૧) હેઠળ રાજ્ય સરકારે નાયબ મંત્રીઓના ઉપયોગ માટે મોટરકારો અથવા બીજા વાહનો પૂરાં પાડયાં હોય, ત્યારે સરકાર એવી દરેક કાર અથવા વાહન માટે ડ્રાઇવરની સેવા પણ વિના મૂલ્યે તેમને પૂરી પાડશે. ]

**(૨)** દરેક નાયબ મંત્રીને દર મહિને [4][રૂ.૪૦૦૦]ના દરે વાહન-ભથ્થું પણ આપવામાં આવશે.

---

૧. સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨ હેઠળની અનુસૂચિના અનુક્રમાંક૩(૭)થી કલમ ૬(ખ) ઉમેરેલ છે.

૨. સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૪થી "અમદાવાદમાં" એ શબ્દોના બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. એજનની કલમ ૫(૧)થી પેટા-કલમ(૧ક) ઉમેરેલ છે.

૪. સન ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૮)થી "૩૦૦૦"એ આંકડાના બદલે "૪૦૦૦"એ આંકડા મુકવામાં આવેલ છે.

**૯.** મંત્રીઓ અને નાયબ મંત્રીઓ, તેઓ જયારે સરકારી કામકાજ માટે મુસાફરી કરતા હોય, ત્યારે નિયમો અથવા હુકમોથી નકકી કરવામાં આવે તેટલા દરે અને તેવી શરતોએ મુસાફરી અને દૈનિક ભથ્થાં માટે અને આવા કામકાજ માટે તેમણે મુલાકાત લીધી હોય તેવા સ્થળોએ યોગ્ય નિવાસસ્થાનની સવલત માટે હકદાર રહેશે. **મુખ્ય મથક સિવાયના સ્થળે મુસાફરી ભથ્થાં, દૈનિક ભથ્થા અને નિવાસસ્થાનની સવલત.**

[1][**૯-ક.** રાજય સરકાર આ અર્થે કરે તેવા કોઇ નિયમો અથવા હુકમોને અધીન રહાને,- **મંત્રી તરીકે હોદ્દો ધારણ કરે અને મંત્રી તરીકે હોદ્દો બંધ થયે મુસાફરી ભથ્થાં બાબત.**

(ક) કોઇ મંત્રી અને નાયબ મંત્રી, હોદ્દો ધારણ કરવા માટે ગાંધીનગરની બહારના પોતાના હંમેશના નિવાસસ્થાનેથી ગાંધીનગર સુધીના પ્રવાસ માટે પોતાના માટે અને પોતાના કુટુંબની વ્યકિતઓ માટે અને પોતાના અને પોતાના કુટુંબના માલસામાનની હેરફેર માટે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર રહેશે.

**(ખ)** કોઇ મંત્રી અથવા નાયબ મંત્રી પોતાના હોદ્દા ધરાવતા બંધ થયેથી , તે મંત્રી અથવા નાયબ મંત્રી અને તેમના કુટુંબની વ્યકિતઓ ગાંધીનગરથી ગાંધીનગરની બહારના પોતાના હંમેશના નિવાસસ્થાન સુધીના પ્રવાસ માટે પોતાના અને પોતાના માટે અને યથાપ્રસંગ, તે મંત્રીના અથવા નાયબ મંત્રી અથવા તેમના કુટુંબના માલસામાનની હેરફેર માટે મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર રહેશે.

**સ્પષ્ટીકરણઃ**- આ કલમના હેતુઓ માટે, "કુટુંબની કોઇ વ્યકિત" એ શબ્દપ્રયોગનો અર્થ, કલમ ૧૦માં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે અને "કુટુંબ" નો અર્થ તદ્નુસાર કરવાનો રહેશે.]

[2][**૯કક.** દરેક મત્રી અને નાયબ મંત્રીને તે અર્થે નિયમો અથવા હુકમોથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, ભારતના કોઇપણ ભાગમાં કોઇપણ સમયે, કોઇપણ રેલવ દ્વારા પ્રથમ વર્ગમાં અથવા વાતાનુકૂલિત બીજા વર્ગમાં મુસાફરી કરવા માટે હકદાર હોય તેવી સવલત માટે હકદાર બને તેવી જોગવાઇ કરવી જોઇશેઃ **વિનામૂલ્યે રેલવે મુસાફરી કરવા બાબત .**

પરંતુ તે, ગુજરાત રાજયની બહાર ભારતના કોઇપણ ભાગમાં રેલવે દ્વારા મત્રી અથવા યથાપ્રસંગ, નાયબ મંત્રી એકલા અથવા તેમના લગ્નસાથી અને તેમની સાથે રહેતા અને તેમના ઉપર આધારિત તેમના કુટુંબના બે બીજા સભ્યો સાથે સંયકત રીતે આવી મુસાફરી કરી શકશે, જોકે, તે રીતે મંત્રીએ અથવા યથાપ્રસંગ નાયબ મંત્રીએ અકલાએ કરેલ મુસાફરીનું કુલ અંતર કોઇપણ વર્ષમાં ૧૦,૦૦૦ કિલોમીટરથી વધવું જોઇશે નહિ અને મંત્રીએ અથવા યથાપ્રસંગ, નાયબ મંત્રીએ અને તેમના લગ્નસાથી અને તેમની સાથે રહેતા અને તેમના પર આધારિત તેમના

[1] . સન ૧૯૮૨ના ગુજરાત અધિનિયમ ૧૮ની કલમ ૪થી કલમ ૯ક ઉમેરેલ છે.
[2] . સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ૨૦ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૭)થી આ પેટા-કલમ ઉમેરેલ છે.

કુટુંબના બે બીજા સભ્યો સાથે સંયુકત રોતે તેવી રીતે કરેલ મુસાફરીનું કુલ અંતર, કોઇપણ વર્ષમાં ૨૦,૦૦૦ કિલોમીટર કરતાં વધવું જોઇશે નહિ.

**સ્પષ્ટીકરણ:-** ગુજરાત રાજયની બહાર, મંત્રીએ અથવા યથાપ્રસંગ, નાયબ મંત્રીએ તેમના લગ્નસાથી અને તેમની સાથે રહેતા અને તેમના પર આધારિત તેમના કુટુંબના બે બીજા સભ્યો સાથે સંયુકત રીતે કરેલ મુસાફરીના કિલોમીટરની સંખ્યા ગણવાના હેતુ માટે, પોતે કરેલી અને તેમના લગ્નસાથી અને તેમની સાથે રહેતા અને તેમના પર આધારિત તેમના કુટુંબના બે બીજા સભ્યોએ કરેલ મુસાફરીના કિલોમીટરની સંખ્યા અલગ રીતે ગણવી જોઇશે.]

વિનામૂલ્યે હવાઇ માર્ગે મુસાફરી કરવા બાબત.

[૧][**૯કખ.** દરેક મંત્રી અને નાયબ મંત્રી, દરેક વર્ષમાં ત્રણ પ્રસંગે ભારતના કોઇપણ ભાગમાં જવા અને આવવા માટે પોતાના રહેઠાણથી સૌથી નજીકના હવાઇમથકથી હવાઇ માર્ગ સહપ્રવાસી સાથે મુસાફરી હાથ ધરી શકશે અથવા કરી શકશેઃ

પરંતુ હવાઇ માર્ગે મુસાફરી કરવા માટેનું ભાડું અને પ્રથમ વર્ગના અથવા વાતાનૂકુલિત બીજા વર્ગનો રેલવે મુસાફરી કરવા માટેનું ભાડું એ બેમાંથી જે વધારે હોય તે વચ્ચેનો તફાવત, મંત્રી અથવા યથાપ્રસંગ, નાયબ મંત્રીએ ભોગવવાનો રહેશે. ]

મંત્રીઓને ટેલીફોનની સવલત.

[૨][**૯ ખ (૧)** દરેક મત્રી અને નાયબ મંત્રી , પોતાના હોદ્દાની મુદત દરમિયાન, ગાંધીનગર ખાતેના નિવાસસ્થાને સરકારના ખર્ચે [૩][ટેલોફોન સવલતને] હકદાર રહેશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ ટેલોફોન મૂકાવવાના, તે માટેની આરંભિક અનામત રકમના તેના નિભાવ માટે ભાડાના ચાર્જના અને એવા ૩[પૂરી પાડેલ ટેલોફોન સવલતમાંથી] કરેલા કોલના સંબંધમાં, મંત્રી અને નાયબ મંત્રી પાસેથી અંગત રીતે કોઇ ચાર્જ લેવામાં આવશે નહિ. ]

તબીબી શુશ્રૂષા .

**૧૦.** નિયમો અથવા હુકમોને અધાન રહીને, મંત્રી અને નાયબ મંત્રી તથા યથાપ્રસંગ, મંત્રી અથવા નાયબ મંત્રીના કુટુંબના સભ્યો જેઓ તેમની સાથે રહેતા હોય અને તેમના ઉપર આશ્રિત હોય તે સભ્યો, રાજય સરકાર તરફથી નિભાવાતી હોસ્પિટલોમાં દાખલ થવા માટે અને તબીબી શુશ્રૂષા અને સારવાર માટે વિના મૂલ્યે હકદાર રહેશ.

**સ્પષ્ટીકરણ:-** આ કલમના હેતુઓ માટે "કુટુંબનો સભ્ય" એટલે - પતિ, પત્નિ, પુત્ર, પુત્રી, પિતા, માતા, ભાઇ અથવા બહેન.

મુખ્યમંત્રીનું આતિથ્ય ભથ્થુ

**૧૧.** મુખ્યમંત્રીને દર વર્ષે [૪][રૂ.૧,૫૦,૦૦૦/-]ની રકમ આતિથ્ય ભથ્થા તરીકે મળશે.

---

[૧] . સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૭)થી આ પેટા-કલમ ઉમેરેલ છે.

[૨] . સન ૧૯૮૨ના ગુજરાત અધિનિયમ ૧૮ની કલમ ૪થી કલમ ૯ખ ઉમેરેલ છે.

[૩] . એજનની કલમ ૪થી પેટા-કલમ(૧) અને પેટા-કલમ (૨)માં અસલને બદલે આ શબ્દો મૂકયા છે.

[૪] . સન ૧૯૯૮ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૨ની અનુસૂચિના અનુક્રમાંક ૩(૯)થી "૭૫૦૦૦" એ આંકડાના બદલે "૧,૫૦,૦૦૦" એ આંકડા મુકવામાં આવેલ છે.

**૧૨.** રાજય વિધાનમંડળના સભ્યોના પગાર તથા ભથ્થાં નકકી કરતાં તે સમયે અમલમા હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ મંત્રી અથવા નાયબ મંત્રી, તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય હોય તે છતાં, આવા કાયદા હેઠળ કોઈપણ પગાર અથવા ભથ્થાં મેળવવાને હકદાર રહેશે નહિ.

મંત્રીઓ અને નાયબમંત્રીઓ, રાજય વિધાનમંડળના સભ્યોને મળવાપાત્ર પગાર અને ભથ્થાં માટે હકદાર રહેશે નહિ.

**૧૩.** શંકાના નિવારણ માટે, આથી એવું જાહેર કરવામાં આવે છે કે કોઈ વ્યકિત માત્ર તે [૧][રાજય કક્ષાના મંત્રીનો અથવા નાયબ મંત્રીનો] હોદ્દો ધરાવે છે તે હકીકતને કારણે જ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે પસંદગી પામવા માટે અથવા તેના સભ્ય થવા માટે ગેરલાયક ઠરશે નહિ.

[૧][રાજયકક્ષાના મંત્રી અને નાયબમંત્રી] હોદ્દા ની રૂએ ગુજરાત વિધાનસભાના સભ્ય માટે ગેરલાયક ન ઠરવા બાબત.

**૧૪.** [૨][(૧) રાજય સરકાર આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે રાજપત્રમાં જાહેરનામાથી નિયમો અથવા હુકમો કરી શકશે. ]

રાજય સરકારની નિયમો અને હુકમો કરવાની સત્તા.

(૨) આ કલમ હેઠળ કરેલો કોઈપણ નિયમ અથવા હુકમ એવી રીતે પ ાદવર્તી તારીખથી કરી શકાશે જે સન ૧૯૬૦ના મે મહિનાની ૧લી તારીખથી વહેલી ન હોય.

(૩) આ કલમ હેઠળ કરેલા નિયમો અથવા હુકમોનો અમલ, તે આ અધિનિયમમાં જાણે કે અધિનિયમિત કરવામાં આવ્યો હોત તેમ થશે.

[૩][(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો અને હુકમો, તે કર્યા પછી શકય તેટલું જલદી ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો અને હુકમો એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યારપછીના તરતના સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ તેમાંથી જે કાંઈ રદ કરે અથવા તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા તેમાં જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે. ]

સન ૧૯૬૦નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૬ઠ્ઠો રદ કરવા બાબત.

**૧૫.** ગુજરાત મંત્રી પગાર તથા ભથ્થાં વટહુકમ, ૧૯૬૦ આથી રદ કરવામાં આવે છે અને મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમો ૭ અને ૨૫ની જોગવાઈઓ, જાણે તે વટહુકમ અધિનિયમન હોત તેમ આવી રીતે રદ કરેલી બાબતને લાગુ પડશે.

સન ૧૯૦૪નો મુંબઈનો૧ લો.

---

[૧] .સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૪(૧)થી "નાયબ મંત્રીના હોદ્દા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકવામાં આવેલ છે.

[૨] . સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૨૧ની કલમ ૨થી આ પેટા-કલમ મૂકવામાં આવેલ છે.

[૩] . સન ૧૯૭૨ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૬થી પેટા-કલમો (૪) અને (૫) ઉમેરેલ છે.